Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-16, Issue-4, March-2023

# ગાંધીવિચારને વરેલા વાર્તાકાર મોહનલાલ મહેતા 'સોપાન'

**PRO.DR. DILIP R. PATEL**
ASSISTANT PROFESSOR, GOVT. ARTS & COMMERCE COLLEGE – KADOLI
(SABARKATHA) MO.94291 54881

'લોહીનું તર્પણ' મોહનલાલ મહેતા 'સોપાન'ની સત્યને ઉજાગર કરતી ટૂંકીવાર્તા છે. ગાંધીજીના ઉપવાસને અને એની પાછળની ભૂમિકાને પ્રસ્તુત કરતી વાર્તા છે. આ ઉપવાસ પાછળની બલિદાનની ભાવના, જાતને હોમી દઈને વિશ્વનું કલ્યાણ ઈચ્છાની ભાવનાને મોહનલાલ મહેતાએ આલેખી છે. આ ઉપવાસને બુદ્ધ અને ઈશુના બલિદાનની સાથે સરખાવે છે. સ્વાતંત્ર્ય પ્રાપ્તિ માટેની વિગતોને આલેખતી કેટલીક વાર્તાઓ પણ મોહનલાલ મહેતાએ લખી છે. એમાં વર્ણનાત્મક રીતિને કારણે આ વાર્તા મહત્વની બની રહે છે.

'અહિંસાનું રહસ્ય' વાર્તા જોસેફને કેન્દ્રમાં રાખી લખાયેલી છે. જોસેફ એ પરદેશી હોવા છતાં પણ ભારતદેશની સ્વતંત્રતા માટે એ સત્યાગ્રહી બન્યો છે. જોસેફને અહીં લાવનાર તત્ત્વ કયું છે એ જોઈએ. ''આ લડતમાં મને ખેંચી આણનારું કયું તત્વ ત્યારે મને જવાબ મળે છે કે અહિંસા. જો એ તત્ત્વ આ લડતમાં ન હોત, તો હું અહીં ન હોત.''

જોસેફ ખ્રિસ્તી હોવા છતાં પણ ગાંધીજીથી એટલો પ્રભાવિત થાય છે કે એ પોતાનો ધર્મ છોડીને ગાંધીજીના ધર્મને અપનાવવા તૈયાર થાય છે. જેમ કે, ''હું ઈસુ ખ્રિસ્તનો અનુયાયી છું. ઘણું જાણ્યા પછી પણ એ ધર્મ છોડવાની મને જરૂર નથી જણાઈ. ગાંધીજીના વિચાર અને જીવનમાંથી અહિંસાનું રહસ્ય હું પામ્યો છું, છતાં ઈસુ પ્રત્યેની ભક્તિ કમી નથી થઈ, પણ વધી જ છે.''

જોસેફ મૂળ આર્યલેન્ડનો વતની હતો. જોસેફના દાદા ભારત આવીને વસેલા જોસેફના પિતા દારૂના શોખીન હતા એટલે એ પણ પિતો. જોસેફ ચામડાનાં કામમાં ખૂબ જ કુશળ માણસ હતો. જોસેફ કાનપુર નોકરી કરતો ત્યારે તેને શિકારનો ખૂબ જ શોખ હતો. તેને અનેક નિર્દોશ પંખીઓ અને પ્રાણીઓનો શિકાર કર્યો હતો. જોસેફને મહાયુદ્ધ દરમિયાન લડાઈમાં જવા માટે ઓર્ડર આપવામાં આવે છે. જો એ ના જાય તો પણ તેને બેરજબરી જવું જ પડે તેવી સ્થિતિ તેની હતી. જોસેફને મશીનગન ચલાવવાની તાલીમ મળી હતી. જોસેફને ડૉક્ટરો તપાસે છે અને કહે છે કે ''હું ચિત્તભ્રમ થઈ ગયો છું એવું નિદાન ઉપર મને છોડી મૂકવામાં આવ્યો.'' જોસેફના છૂટ્યા પછી આનંદનો કોઈ પાર જ નહોતો. તેના ઘરના બધાં જ ખુશ થઈ જાય છે. જોસેફને શિકારનાં સકંજામાંથી એક બ્રાહ્મણ છોડાવે છે અને તેના વિશે વિચારતા એ દુઃખી થાય છે. કારણ કે, ''શિકારનાં મહાપાપમાંથી છોડાવવા બદલ મારે એક બ્રાહ્મણનો આભાર માનવો જોઈએ. દુઃખની વાત એક જ છે. મને શિકાર

છોડાવનાર એ બ્રાહ્મણ આજે સરકારી સિપાહી બન્યો છે, મને એમ થાય છે, કે મને ઉપદેશ આપવાની પાછળ એના દિલમાં જાગ્રત અહિંસાની વૃત્તિ નહિ હોય, પણ અહિંસાના રૂઢ સંસ્કારો જ હશે, નહિ તો એ સિપાહી કેમ થઈ શકે ?''

જોસેફને દારૂ, માંસાહાર છોડાવનાર આ બ્રાહ્મણ એના જ કારખાનામાં નોકરી કરતો હોય છે. જોસેફ ત્રેવીસ વર્ષનો થયો ત્યારે તેના લગ્ન એક કન્યા સાથે થવાના હોય છે પણ એ કન્યાના લગ્ન બીજી જગ્યાએ થતાં જોસેફને બહુ જ આઘાત લાગે છે. આ બનાવ પછી જોસેફમાં પરિવર્તન આવ્યું જેમ કે, ''આ પ્રસંગ વીત્યા પછી મારામાં ગાંભીર્ય વધ્યું હતું. અને એ ગાંભીર્યે મને જીવન વિશે ઊંડો વિચાર કરતો કરી મૂક્યો હતો.''

જોસેફ ધીમે ધીમે આ બનાવોના લીધે ગાંધીવિચાર તરફ વરે છે. આના લીધે તેના પિતા સાથે અણબનાવ બને છે. તેઓ કહે છે કે, ''તું અને હું જુદા જ બંધારણના છીએ, આપણે સાથે નહિ રહી શકીએ. તારે હવે આ ઘરમાંથી જવું જ જોઈએ.'' જોસેફના પિતા તેને ઘરમાંથી કાઢી મૂકે છે. તે એક ડોસા સાથે રહેવા જતો રહે છે. ડોસાના મૃત્યુ પછી એ કાનપુર છોડી એના નાનાભાઈ સાથે અમદાવાદ આવી જાય છે. અમદાવાદ આવ્યા પછી ભારે ગડમથલ ચાલે છે.ઉદા. તરીકે, ''હું એ (બાઈબલ) વાંચતો અને માનતો કે તારા પાસે બે પહેરણ હોય, તો જેની પાસે ન હોય તેને એક આપી દે. તારા જમણા ગાલ ઉપર કોઈ તમાચો મારે, તો તું ડાબો ગાલ ધર...... બીજી બાજુ એ ચમારોમાં અને બીજા લોકોમાં મેં ગરીબાઈનાં દર્શન કરવાં માંડ્યાં જેમ-જેમ એ ગરીબાઈ વધારે જોતો ગયો તેમ-તેમ મારો આરામ પૈસો ને કારખાનું ખૂંચવા લાગ્યાં, 'તારી પાસે બે પહેરણ હોય, અને હતાં જ, મારે શું કરવું ? મારા મનમાં મંથન જાગ્યું.''

જોસેફના મનમાં ગાંધીજી વિશે જુદી જ છાપ હતી. એના વિશે ગાંધીજીની આ પ્રકારની છાપ હતી. ''મારી આજુબાજુના બધા એમ માનતા હતા અને કહેતા હતા, કે ગાંધીને સરકાર પકડીને ફાંસીએ ચડાવી દે તો સારું મારા મન ઉપર તો તે દિવસે એવી જ છાપ હતી, કે ગાંધી આ રાજ સામેનો કોઈ બંડખોર આગેવાન છે. વાત તો એ સાચી હતી, પરંતુ એ બંડ આવું હશે, એવી મને કલ્પના પણ નહોતી.''

જોસેફ ગરીબોની સેવામાં પોતાનું બધું જ વેડફી નાખે છે. પોતાનો ભાઈ ઘરે જવાનું કહે છે. નાનો ભાઈ જતો રહે છે અને ધંધાનો ભાર બધો જોસેફ ઉપર આવે છે. જોસેફને '30ની લડાઈમાં જવાની બહુ જ ઈચ્છા થાય છે. તે છાવણીઓમાં ગયો અને પછી તે ત્રણેક મહિના પછી સાબરમતી જેલમાં પૂરાયો. જોસેફ રેંટીયા વિશે માનતો કે, ''રેંટિયો અહિંસક યુદ્ધનું અમોઘ શસ્ત્ર અને નવીન સમાજરચનાનું પ્રતીક છે.''

આમ, આ વાર્તામાં જોસેફ પરદેશી હોવા છતાં ગાંધીજીના માર્ગે ચાલી ભારત દેશને મદદરૂપ થાય છે.

'નરહરિ અને ચંદ્રિકા' (જ્યોત પહેલી) નવલિકા 145 પૃષ્ઠની આ વાર્તા છે. એક લઘુનવલકથા બની શકે એવી સક્ષમ આ વાર્તા છે. લેખકે આ વાર્તાને કુલ 20 વિભાગમાં વહેંચી છે. જે નીચે પ્રમાણે છે.

(1) સ્નેહીજનોનાં આશ્વાસન : વાર્તાની શરૂઆત નરહરિને સ્નેહીજનો આશ્વાસન આપવા આવે છે, ત્યાંથી શરૂ થતી આપણને જોવા મળે છે. પ્રતાપરાય, જગતનારાયણ રમાબેન વગેરે આશ્વાસન આપવા માટે આવે છે. આ આશ્વાસન નરહરિના લગ્ન જીવનમાં ભંગાણ પડે છે એની બાબતે હોય છે. (2) જેમાંથી લગ્ન પરિણમ્યું : નરહરિની પ્રત્યે ચંદ્રિકા આકર્ષાય છે. અને બંને કંઈ રીતે આકર્ષાય તેની વાત છે.

(3) ચંદ્રિકાની કથા અને પ્રથમ મિલન : આ પ્રકરણમાં નરહરિ અને ચંદ્રિકા પોતાના વિશે પત્ર વ્યવહાર કરીને એકબીજાને સ્વભાવ વિશે જાણ કરે છે. અંતે બંને રૂબરૂ મળવા પ્રેરાય છે. (4) હૃદયનાં ભિન્ન પ્રવાહો : આ પ્રકરણમાં નરહરિના હૃદયમાં ચંદ્રિકાનો પ્રભાવ જોવા મળે છે. નરહરિ ચંદ્રિકાને એક મહિના સુધી પત્રો ન લખવાની સલાહ આપે છે. તેમ છતાં એકબીજા વચ્ચે પત્રોની આપ-લે ચાલુ જ હોય છે.

(5) નરહરિની વિચારશ્રેણી : નરહરિ ચંદ્રિકાને પત્ર લખી આ યુવક-યુવતીઓના સમસ્યા વિશે પોતાના વિચારો પત્રમાં લખીને મોકલે છે. પ્રથમ તો તે બેનના કહેવાથી આ લગ્નમાં પડવા ન તો ઈચ્છતો જેમ કે, ‘‘પ્રથમ...... બેન પાસેથી તમારા વિષે મેં હકીકત સાંભળી ત્યારે મને થયું કે ‘એવી ગૂંચમાં મારે ન પડવું જોઈએ.’ મને એમ લાગ્યું કે જેમના જીવનમાં સમસ્યાઓ પેદા થઈ ગી હોય છે. તેમની સાથે મારા જેવા સરળ માણસે ન જોડાવું જોઈએ.’’

(6) પ્રેમ અને ત્યાગના વિશ્વાસે : આ વિભાગમાં પ્રેમ અને ત્યાગ વિશ્વાસથી ટકી રહે છે, એની વાત બંને વચ્ચે થાય છે. આ પ્રકરણમાં પણ પત્રો દ્વારા જ આ વાતચીત આપણને જોવા મળે છે. ઉદા. ‘‘કન્યા-કુમારો પોતાનું સત્ય જીવન એકબીજાથી છુપાવે છે એ પણ એક દુઃખદ કારણ પડ્યું છે.’’

(7) લગ્નગ્રંથીથી જોડાયા : નરહરિ અને ચંદ્રિકા વચ્ચે અનેક વિચારોનું આપ-લે પછી એ લગ્નગ્રંથીથી જોડાવાના નિર્ણય ઉપર જતાં આપણને જોવા મળે છે. નરહરિ વડીલોને વાત કરી ચંદ્રિકાને ત્યાં બોલાવી લગ્નથી જોડાય છે. ‘‘અમે પરમાત્માની સાક્ષીએ લગ્નગ્રંથીથી જોડાયાં.’’

(8) લગ્નનો પહેલો દિવસ : લગ્નના પહેલા દિવસે નરહરિ ઊંઘી શકતો નથી. એના મગજમાં અનેક વિચારો ભમે છે છેવટે ભજન ગાઈને સૂઈ જાય છે. ચંદ્રિકા મુખ્યત્વે શહેરનાં બાળકોને ભણાવવાનું કામ કરતી હોય છે. નરહરિ અને ચંદ્રિકા બંને જણા હરિજનવાસમાં લોકો સાથે હરીમળીને કામ કરવા લાગે છે. વાર્તામાં ગાંધીજીની અસર જોવા મળે છે. ચંદ્રિકા હરિજનોની સ્ત્રીઓની શી મુશ્કેલીઓ છે એ જોવાનો પ્રયત્ન કરે છે.

(9) એક મહિના પછી : નરહરિએ સેવા કરવાં જે ગામ પસંદ કર્યું હોય છે એ ગામમાં નદી નથી હોતી. પીવાના પાણીની બહુ મુશ્કેલી હોય છે. હરિજનો મુખ્યત્વે ડોળાંએલું પાણી જ પીતા હોય છે. નરહરિ અને ચંદ્રિકા એક જ પ્રવૃત્તિમાં તરબોર હોય છે. બંને બહુ જ ખુશ રહે છે.

(10) છ મહિના પછી : છ મહિના પછી નરહરિ અને ચંદ્રિકા એકબીજા વિના ક્યાંય પણ જતાં નહિ એટલાં નીકટ આવી ગયાં હોય છે. શરદપૂર્ણિમાની ચાંદનીની મજા બંને જણા લે છે. બીજી બાજુ નરહરિને ચાંદની કરતાં બિમાર માણસની સેવા કરવામાં વધારે રસ છે એવું એ જણાવે છે.

(11) વસંત-પૂર્ણિમા : ચંદ્રિકા વિચારે છે કે, "લગ્નજીવનના સાફલ્ય માટે ત્યાગ અને ઉદારતા આવશ્યક છે." વસંત-પૂર્ણિમાની મજા માણવા માટે નરહરિ અને ચંદ્રિકા વિદ્યાલયમાં જાય છે.

(12) ત્યાગની ભાવના : ચંદ્રિકા નરહરિને વસંત-પૂર્ણિમાને દિવસે ફરવા લઈ જાય છે. આનાથી નરહરિનો સમય બગડે છે અને વિચારે છે કે, '''જેના જીવનનો પરમ રસ દલિતસેવા હોય તે જ એમાં સાફલ્ય મેળવી શકે'...... એમને આજ જરૂર દુઃખ થયું હશે. મારે ખાતર જ એ આવ્યા હસે. ત્યાગ અને ઉદારતા..... એમણે જ પ્રથમ દાખવ્યા ને ?''

(13) પહેલું પગલું : નરહરિ જે પ્રકારે બીજાની સેવા કરવામાં જીવન પસાર કરતો હતો એ પ્રકારનું જીવન ચંદ્રિકાને જીવવાની કોઈ ઈચ્છા ન હતી. ચંદ્રિકા વિદ્યાલયમાં કામે જવાનું ચાલું કરે છે.

(14) અંધશ્રદ્ધાની વાદળીઓ : નરહરિ અને ચંદ્રિકાની એકબીજાની સામે દલીલો વધતી જોવા મળે છે.

(15) જીવનનો થાક : નરહરિ ચંદ્રિકામાં રસ નથી લેતો એને સૌંદર્યમાં રસ નથી ચંદ્રિકામાં કે નથી બીજા કોઈ પણ કાર્યમાં બસ એને તો આ ગામડાની સેવા જ કરવી છે. ચંદ્રિકાને આ બધાથી બહુ જ દુઃખ પહોંચે છે અન નરહરિ ગામડિયન જેવો લાગતો જાય છે.

(16) આખરે સ્પષ્ટ થયું : નરહરિ અને ચંદ્રિકા બંને વાતો કરે છે. ચંદ્રિકાને નરહરિ જે રીતનું જીવન જીવે છે એમાં એને બહુ નીરસ જ લાગે છે.

(17) નરહરિનું ધર્મજીવન : ચંદ્રિકા કંટાલીને એક કાગળ લખીને જાય છે. કાગળમાં લખ્યું હોય છે, ''હું જાઉં છું. ક્યાં, તે પણ કહી દઉં. જે શહેર છોડીને હું તમારા પાસે આવી હતી ત્યાં જ જાઉં છું. મને લાગે છે કે મારા ભાગ્યમાં એ જીવન જ લખેલું છે. એમાંથી છૂટવાના મેં ફાંઓફાં તેમાં તમને પણ મેં દુઃખી કર્યા.''

(18) પ્રેમલ જ્યોતનો પ્રકાશ : ચંદ્રિકા શહેરમાં જઈ એક વિદ્યાલયમાં નોકરી કરે છે. એ વિદ્યાલયમાં ખબર પડે છે કે ચંદ્રિકા ભાગીને આવી છે ત્યારે આચાર્ય તેને પ્રશ્નો કરે છે. ચંદ્રિકા જવાબ આપ્યા વિના ઘરે જતી રહે છે. આચાર્ય પર નરહરિનો પત્ર આવેલો હોય છે. નરહરિ ત્યાં ગામમાં જ બધાની સેવા કરતો હોય છે. ચંદ્રિકાને આ પત્ર વાંચીને ખૂબ જ દુઃખ થાય છે.

(19) લોકલાગણીના અનુભવો : વિદ્યાલયમાં આચાર્ય અને બીજા શિક્ષકો ચંદ્રિકાને નરહરિ પાસે રહેવા જવાનું કહે છે.

(20) નિર્મળ ચંદ્રિકા : ચંદ્રિકા થોડા જ દિવસોમાં પાછી નરહરિ પાસે રહેવાં જતી રહે છે. સમગ્ર વાર્તામાં નિર્મળ ચંદ્રિકા પોતાની ભૂલ સ્વીકારી નરહરિ પાસે રહેવા જાય છે.

આ વાર્તામાં દેશસેવાની ભાવના નરહરિના પાત્રમાં જોઈ શકાય છે.

સત્યાગ્રહમાં પણ એ ઉત્સાહપૂર્વક ભાગ લેતો હોય છે.

**સંદર્ભગ્રંથ સૂચિ:**


1.અખંડ જ્યોત – સોપાન, આ.1938

2.અંતરની વ્યથા – સોપાન, આ.1937

3.શ્રી મોહનલાલ મહેતા ‘સોપાન’ની વાર્તાઓ – સં. ડૉ.બળવંત જાની, આ.2009

4.મહાત્મા ગાંધીનો ગુજરાતી સાહિત્ય પર પ્રભાવ – ડૉ. હરીશ વ્યાસ, આ.1979